MANOGAT • Year 43 • Issue 21 • 10 February 2025 • Maha Sad 13, Samvat 2081 • Yugabd 5126 • Price : Rs. 5/- • Pages : 28

# મનોગત

## બજેટ ૨૦૨૫-૨૬

મધ્યમવર્ગની મહાવ્યથાનું મજબૂત નિરાકરણ



## ૨૦૧૩-૧૪માં ભાજપ સત્તા પર આવ્યો ત્યારે ફક્ત રૂા. ૨ લાખને આવકવેરામાંથી મુક્તિ હતી આજે રૂા. ૧૨ લાખને આવકવેરામાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી

મધ્યમવર્ગને ખુશ કરતું બજેટ : ટીડીએસની મર્યાદા ૨.૪૦ લાખથી વધારીને ૬ લાખ કરવાની દરખાસ્ત

# આનંદો... ૧૨ લાખ સુધીની આવક કરમુક્ત

કરમુક્તિમાં લાંબી છલાંગ

સામાન્ય લોકો માટે નાણામંત્રીના પાંચ મોટા નિર્ણયો



નિર્ણય-૧ | નિર્ણય-૨ | નિર્ણય-૩ | નિર્ણય-૪ | નિર્ણય-૫

૧૧ વર્ષમાં કરમુક્તિ ૯૦૦ ટકા વધી

વિકાસનું એન્જિન

આગામી ત્રણ વર્ષમાં બધી જિલ્લા હોસ્પિટલોમાં કેન્સર ડે-કેર સેન્ટર ખૂલી જશે

# આ વર્ષે જિલ્લા હોસ્પિટલોમાં ૨૦૦ કેન્સર ડે-કેર સેન્ટર્સ ખોલવામાં આવશે

કેન્સરના દર્દીઓ માટે કરુણા



। નવી દિલ્હી ।

નાણામંત્રી નિર્મલા સીતારામને પોતાના બજેટ ભાષણમાં કેન્સરના ડે-કેર સેન્ટર્સ ખોલવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે આગામી ત્રણ વર્ષમાં બધી જિલ્લા હોસ્પિટલોમાં કેન્સર ડે-કેર સેન્ટર ખૂલી જશે. ૨૦૨૫-૨૬માં ૨૦૦ કેન્દ્ર સ્થાપિત કરવામાં આવશે. આવું કરવા પાછળનું ખાસ કારણ કેન્સર પીડિતોની ખાસ સંભાળ રાખવાનું છે.

કેન્સર ખતરનાક અને જીવલેણ ...ઓમાંની એક છે. તેનાથી પીડિત ...ને તેના ઘરના લોકોને આર્થિકની સાથે ... અને માનસિક નુકસાન થાય છે. ...લોકોની સગવડને ધ્યાનમાં રાખીને ...રા બધી જિલ્લા હોસ્પિટલોમાં ...પવામાં આવશે. તેના દ્વારા ...ને સાજા થવાની સાથે સમય અને ...વામાં મદદ મળશે. આ ડે-કેર સેન્ટર અંગે એક ડોક્ટરે જણાવ્યું કે, ડે-કેર સેન્ટર કીમોથેરપી ઈન્ફ્યૂઝનની સુવિધા આપે છે. આ સુવિધા ખાનગી લોન્જ કે કોમન એરિયામાં આપવામાં આવી શકે. આ સેન્ટર્સ દરદીઓ અને તેના પરિવારોને કેન્સરના પડકારોનો સામનો કરવા માટે સલાહ અને અન્ય સહાયતા આપે છે. ડે-કેર સેન્ટર રોગીઓને સાઈડ ઈફેક્ટને મેનેજ કરવામાં મદદ કરી શકે છે. આ દરમિયાન ડિહાઈડ્રેશનથી બચવા માટે આઈવી ફ્લુડ આપવામાં આવે છે. નાણામંત્રી નિર્મલા સીતારામને કહ્યું કે સરકાર ૩૬ જીવનરક્ષક દવાઓને બેઝિક કસ્ટમ્સ ડ્યૂટીમાંથી સંપૂર્ણ છૂટ આપશે. તેમણે કહ્યું કે, કેન્સર, ક્રોનિક કે અન્ય ગંભીર બીમારીઓથી પીડિત લોકો માટે હું ૩૬ જીવનરક્ષક દવાઓ અને ઔષધિઓને મૂળ કસ્ટમ્સ ડ્યૂટીમાંથી સંપૂર્ણ છૂટ વાળી દવાઓની સૂચિમાં જોડવાનો પ્રસ્તાવ કરું છું.

# ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રીને અનેક રાહતો મળતાં ઉદ્યોગકારો ખુશખુશાલ

...ICGR કન્ડિશન દૂર કરાતા થોડી રાહત

ટેક્સ્ટાઈલ ઉદ્યોગ

એમએસએમઈને પાંચ લાખની મર્યાદામાં કસ્ટમાઈઝ ક્રેડિટ કાર્ડ મળશે

ટફ યોજના માટે પણ ૪૮ ટકા સુધીનો વધારો કરીને ૩૯૦ કરોડની ફાળવણી કરી

દેશની મેડિકલ કોલેજો અને હોસ્પિટલોમાં આવતા વર્ષે નવી ૧૦,૦૦૦ સીટો ઉમેરવાની જાહેરાત

# આગામી પાંચ વર્ષમાં મેડિકલની નવી ૭૫,૦૦૦ સીટ ઉમેરાશે

મેડિકલ ક્ષેત્રે ડંકો વાગશે

દેશની ૨૩ IITમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો. IIT તેમજ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સીઝ (IIS)માં પીએમ રિસર્ચ ફેલોશિપ સ્કીમ શરૂ કરાશે

હિલ ઈન ઈન્ડિયા હેઠળ ભારતને મેડિકલ ટૂરિઝમનું મહત્ત્વનું કેન્દ્ર બનાવવામાં આવશે

## મેડિકલ ટૂરિઝમને પ્રોત્સાહન આપતા પગલાં લેવાયા : ભારતને ટૂરિઝમ હબ બનાવાશે, વિદેશીઓને ભારતમાં સસ્તી આરોગ્ય સેવા મળશે



દેશની ૨૩ IITમાં વિદ્યાર્થીઓમાં વધારો

લોકો વધુ પ્રોપર્ટી ભાડે આપી શકશે અને ટેક્સ બેનિફિટ પણ મળી રહેશે

# ટીડીએસની મર્યાદા રૂ. ૬ લાખ સુધી થતાં રિયાલ્ટીને ફાયદો, ભાડે પ્રોપર્ટીને પ્રોત્સાહન

રિયલ એસ્ટેટ ક્ષેત્ર



લોકો ભાડેથી પ્રોપર્ટી લેવા પ્રોત્સાહિત થશે અને રિયલ એસ્ટેટ ક્ષેત્રને તેનો લાભ મળશે તેવી આશા

। અમદાવાદ ।

બજેટમાં રિઅલ એસ્ટેટ ભાડે ચઢવવા માટેની પ્રોપર્ટીના પર લાગતાં ટેક્સમાંથી રાહત આપવામાં આવી છે. આ અંગે વાત કરતાં ક્રેડાઈના સેક્રેટરી નિલય પટેલે જણાવ્યું કે, જેમાં અત્યાર સુધી લોકોને મિલકત ભાડે આપવાના કારણે ટીડીએસ રૂ.૨.૪૦ લાખ પર જ લાગતો હતો પરંતુ હવે બજેટ-૨૦૨૫ ની જોગવાઈ હેઠળ રૂ. ૬ લાખ સુધીના રેન્ટ પર ટીડીએસ લાગશે નહીં. તેમજ રેન્ટ પર જે ૧૦ ટકા ટેક્સ લાગતો હતો તેને પણ મકાન ભાડા પર આપનાર એક વર્ષ સુધી ડિફર કરીને ઉપયોગ કરી શકશે. આ કારણે ડેવલોપર વધુ મિલકતો સરળતાથી ભાડે આપી શકશે. જેની સીધી અસર જેમ લોકો અત્યાર સુધી શેરમાર્કેટ અને મ્યુચ્યલ ફંડમાં રોકાણ કરીને આવક મેળવી રહ્યાં હતા તે લોકો હવે પ્રોપર્ટીમાં પણ રોકાણ કરીને આવક મેળવી શકશે અને તેને ટેક્સ બેનિફિટ લઈ શકશે. આ તરફ મકાન ભાડે લેનારને પણ વર્ષે રૂ. ૬ લાખ સુધીની રાહત મળશે અને તેના પર પણ ટેક્સ એક્ઝમ્પ્શન મળી રહેશે.

અમદાવાદ શહેર અને રાજ્યમાં જંત્રી અને સંલગ્ન મુદ્દાઓની પરોક્ષ અસર હેઠળ રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં થોડો સ્લમ્પ આવ્યો હતો. અનેક રિયલ એસ્ટેટ ડેવલપર્સની ઈન્વેન્ટરી ભરાતી રહી હોવાની ચિંતા સતાવતી હતી. આવા સમયે ભાડે રાખેલી પ્રોપર્ટી પરના ભાડાંની રકમ આવકવેરામાં મજરે મળવાની રકમમાં વધારો થવાથી હવે લોકો આનો મોટો લાભ મેળવવા પણ ભાડેથી પ્રોપર્ટી લેવા પ્રોત્સાહિત થશે અને રિયલ એસ્ટેટ ક્ષેત્રને ...

૨૦૨૯ સુધીમાં સંપૂર્ણ રીતે દાળના સ્થાનિક ઉત્પાદનનો ટાર્ગેટ ...

## દાળના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા માટે ... હેઠળ ૬ વર્ષીય સ્પેશિયલ મિશનની જાહે...

ગુણવત્તાયુક્ત બીજનો વિકાસ, પાકના સંગ્રહ-પોષણક્ષમ ભાવ મળે તેવી વ્યવસ્થા ગોઠવાશે

હાલમાં મોટી કંપનીઓ જ નવું રોકાણ કરી રહી છે

## ઉદ્યોગો માટે પ્રોત્સાહન ખાનગી રોકાણમાં વધારો કરી શકે

માઈનિંગ, એમએસએમઈ અને કૃષિ ક્ષેત્રે વધુ રોકાણ આવશે

દરમાં ઘટાડો આજથી જ અમલી બનશે

## કસ્ટમ ડ્યૂટી ઘટાડી ૨૦ ટકા કરાતાં જ્વેલરી અને પાર્ટ્સ સસ્તાં થશે

પ્લેટિનમ ફાઈન્ડિંગ પરની ડ્યૂટી પણ ઘટાડી ૫% કરતાં જ્વેલરી ઉદ્યોગને લાભ થશે

ક્રિપ્ટોના ગેરકાયદે વહેવારો પર સકંજો કસાશે

## ક્રિપ્ટો કરન્સીને અનડિસ્ક્લોઝ્ડ ઈન્કમમાં સમાવિષ્ટ કરાશે

બે વર્ષ અગાઉ ક્રિપ્ટો પર મહિ લેનડેનની જોગવાઈ લાગુ કરાઈ હતી



Year : 43, Issue : 21, Pages : 28



## તંત્રીસ્થાનેથી

**મજબૂત નેતૃત્વ, પારદર્શક સુશાસન અને વહીવટી કુશળતાની સાથે સાથે દેશના મધ્યમવર્ગીય વિકાસપ્રેમી નાગરિકો માટે હૃદયથી કંઈક કરી છૂટવાની ભાવનાના પરિણામે રૂા. ૧૨ લાખ સુધી શૂન્ય ટેક્સની નીતિનો અભૂતપૂર્વ નિર્ણય લઈ શકાયો**

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની એનડીએ સરકારનાં નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણજીએ વર્ષ ૨૦૨૫-૨૬નું અદ્ભુત, અભૂતપૂર્વ અને ઐતિહાસિક બજેટ સંસદમાં રજૂ કર્યું છે. દેશના મધ્યમવર્ગને આવકવેરામાં જબરજસ્ત રાહત આપીને બજેટે એ પુરવાર કર્યું કે – દેશના વિકાસ માટે સતત પ્રવૃત્તિશીલ મધ્યમવર્ગની વર્ષોની મહાવ્યથાનું મજબૂત નિરાકરણ આપવાની શક્તિ ભાજપ પાસે જ છે.

દેશના છેવાડાના માણસની ચિંતા કરવી એ તો આપણી સંસ્કૃતિ છે. સાથે-સાથે આવકવેરામાં આમૂલ પરિવર્તન કરીને મધ્યમવર્ગની પણ ચિંતા કરી છે. આ દેશનો મધ્યમવર્ગ સામાન્યતઃ સરકારના વિશેષ કોઈ લાભ લીધા વિના આર્થિક વ્યવસ્થાના મધ્યમાં રહીને આવક અને ખર્ચના બે છેડાને ભેગા કરવામાં પોતાનું સમગ્ર જીવન વ્યતીત કરે છે. આ વર્ગ એ છે જે બુદ્ધિપૂર્વક મહેનત કરે છે અને જેટલું મેળવે છે તેમાં પણ આવકવેરો ભરીને પોતાની જ મહેનતમાંથી મહત્ત્વનો ભાગ સરકારને આપતો હોય છે. આપણી સરકારે આઝાદી પછી પ્રથમવાર વર્ષે રૂા. ૧૨ લાખ (નોકરિયાતને બીજા ૭૫ હજાર)ની આવક સુધી શૂન્ય ટેક્સની નીતિ નક્કી કરીને મધ્યમવર્ગને સ્વમાન અને સન્માનભેર જીવવાનું આટલું મજબૂત નિરાકરણ આપ્યું છે.

હું વ્યક્તિગત રીતે માનું છું કે - ભાજપ સરકારે આવકવેરાની સરકારની આવક જતી કરવાનો આટલો મોટો ક્રાંતિકારી નિર્ણય એટલા માટે લીધો છે કે **શ્રી નરેન્દ્રભાઈ મોદીના મજબૂત નેતૃત્વમાં આ દેશે જે નાણાકીય શિસ્ત છેલ્લાં ૧૦ વર્ષમાં ઊભી કરી છે તેનું આ પરિણામ છે. કૌભાંડો બંધ થયા. ભૂતિયા લાભાર્થીઓ રદ થયા. વચેટીયા હટી ગયા. ખોટા ખર્ચા અટકી ગયા. આવકના સ્રોતો પરના પંજા ખસી ગયા. પારદર્શક અને રાષ્ટ્ર પ્રથમની નીતિ ખરા અર્થમાં તમામ નાણાકીય ક્ષેત્રોમાં લાગુ પડવાના કારણે જ મધ્યમવર્ગ માટે આવો અભૂતપૂર્વ નિર્ણય સરકાર લઈ શકી છે.** મજબૂત નેતૃત્વ, પારદર્શક સુશાસન અને વહીવટી કુશળતાની સાથે સાથે દેશના મધ્યમવર્ગીય વિકાસપ્રેમી નાગરિકો માટે હૃદયથી કંઈક કરી છૂટવાની ભાવનાના પરિણામે આ અભૂતપૂર્વ નિર્ણય લઈ શકાયો છે. મધ્યમવર્ગ માટેના આર્થિક આઝાદીના આ પર્વે આવો આપણી સરકારના આ ઐતિહાસિક નિર્ણયને ગૌરવભેર વધાવીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
વૉટ્સઍપ નં. : ૬૩૫૧૯૫૯૦૯૪
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



## કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૨૫-૨૬

# ૧૪૦ કરોડ ભારતીયોની આકાંક્ષાઓનું બજેટ છે, આ દરેક ભારતીયનાં સપનાંઓને પૂર્ણ કરતું બજેટ છે – પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી



આજનો દિવસ ભારતની વિકાસયાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે! આ ૧૪૦ કરોડ ભારતીયોની આકાંક્ષાઓનું બજેટ છે, આ દરેક ભારતીયનાં સપનાંઓને પૂર્ણ કરતું બજેટ છે. અમે યુવાનો માટે ઘણાં ક્ષેત્રો ખોલ્યાં છે. સામાન્ય નાગરિક એ છે જે વિકસિત ભારતના મિશનને આગળ ધપાવશે. આ બજેટ એક ફોર્સ મલ્ટિપ્લાયર છે. આ બજેટ બચત વધારશે, રોકાણ વધારશે, વપરાશ વધારશે અને વિકાસને પણ વેગ આપશે. જનતા જનાર્દનના આ બજેટ, જનતાના બજેટ માટે હું નાણામંત્રી નિર્મલા સીતારમણજી અને તેમની આખી ટીમને અભિનંદન આપું છું.

મિત્રો, સામાન્ય રીતે બજેટનું ધ્યાન સરકારી તિજોરી કેવી રીતે ભરવામાં આવશે તેના પર હોય છે, પરંતુ આ બજેટ તેનાથી બિલકુલ વિપરીત છે. પરંતુ આ બજેટ દેશના નાગરિકોનાં ખિસ્સાં કેવી રીતે ભરશે, દેશના નાગરિકોની બચત કેવી રીતે વધશે અને દેશના નાગરિકો વિકાસમાં ભાગીદાર કેવી રીતે બનશે, આ બજેટ તેના માટે એક જ મજબૂત પાયો નાખે છે.

મિત્રો, આ બજેટમાં રીફોર્મની દિશામાં મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યાં છે. પરમાણુ ઊર્જામાં ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન આપવાનો નિર્ણય ખૂબ જ ઐતિહાસિક છે. જે આવનારા સમયમાં દેશના વિકાસમાં સિવિલ ન્યૂક્લિયર એનર્જીનું મોટું યોગદાન સુનિશ્ચિત થશે. બજેટમાં રોજગારનાં તમામ ક્ષેત્રોને દરેક રીતે પ્રાથમિકતા આપવામાં આવી છે. પણ હું બે બાબતો તરફ ધ્યાન દોરવા માંગું છું, હું તે રીફોર્મસની ચર્ચા કરવા માંગું છું જે આવનારા સમયમાં મોટા ફેરફારો લાવવાના છે. એક – ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો દરજ્જો આપવાથી ભારતમાં મોટાં જહાજોના નિર્માણને પ્રોત્સાહન મળશે, આત્મનિર્ભર ભારત અભિયાનને વેગ મળશે અને આપણે બધા જાણીએ છીએ કે જહાજ નિર્માણ એ ક્ષેત્ર છે જે મહત્તમ રોજગાર પૂરો પાડે છે. તેવી જ રીતે, દેશમાં પ્રવાસન માટે ઘણી સંભાવનાઓ છે. ૫૦ મહત્વપૂર્ણ પર્યટન સ્થળો, ત્યાં જે હોટલ્સ બનાવાશે, તે હોટેલને પહેલી વાર માળખાગત સુવિધાઓના દાયરામાં લાવીને પર્યટન પર ભાર મૂકવામાં આવ્યો છે. આ આતિથ્ય ક્ષેત્ર માટે ઊર્જા બૂસ્ટર તરીકે કાર્ય કરશે, જે એક વિશાળ રોજગાર ક્ષેત્ર છે, અને પર્યટન, જે સૌથી મોટું રોજગાર ક્ષેત્ર છે, જે ચારે બાજુ રોજગારની તકોનું સર્જન કરશે. આજે, દેશ, તેનો વિકાસ અને તેનો વારસો આ મંત્ર સાથે આગળ વધી રહ્યો છે. આ બજેટમાં પણ આ માટે ખૂબ જ મહત્વપૂર્ણ અને નક્કર પગલાં લેવામાં આવ્યાં છે. એક કરોડ હસ્તપ્રતોને સાચવવા માટે, હસ્તપ્રતો માટે જ્ઞાન ભારતમ મિશન શરૂ કરવામાં આવ્યું છે. ઉપરાંત, ભારતીય જ્ઞાન પરંપરાથી પ્રેરિત એક રાષ્ટ્રીય ડિજિટલ રિપોઝીટરી બનાવવામાં આવશે. તેનો અર્થ એ કે ટેકનોલોજીનો સંપૂર્ણ ઉપયોગ થશે અને આપણા પરંપરાગત જ્ઞાનમાંથી અમૃત કાઢવાનું કાર્ય પણ થશે.

મિત્રો, બજેટમાં ખેડૂતો માટે કરવામાં આવેલી જાહેરાતો કૃષિ ક્ષેત્ર અને સમગ્ર



ગ્રામીણ અર્થતંત્રમાં એક નવી ક્રાંતિનો પાયો બનશે. પ્રધાનમંત્રી ધન ધાન્ય કૃષિ યોજના હેઠળ, ૧૦૦ જિલ્લાઓમાં સિંચાઈ અને માળખાગત સુવિધાઓનો વિકાસ કરવામાં આવશે. કિસાન ક્રેડિટ કાર્ડની મર્યાદા વધારીને ૫ લાખ રૂપિયા કરવામાં આવવાથી તેમને વધુ મદદ મળશે.

મિત્રો, હવે આ બજેટમાં ૧૨ લાખ રૂપિયા સુધીની આવકને કરમુક્તિ આપવામાં આવી છે. તમામ આવક જૂથોના લોકો માટે કરમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. આનાથી આપણા મધ્યમ વર્ગને ઘણો ફાયદો થશે, જે લોકો નોકરી કરે છે અને જેમની આવક નિશ્ચિત છે, આવા મધ્યમ વર્ગના લોકોને આનો ઘણો ફાયદો થશે. તેવી જ રીતે, જે લોકોએ નવા વ્યવસાયોમાં પ્રવેશ કર્યો છે અને નવી નોકરીઓ મેળવી છે, તેમના માટે આવકવેરામાં આ મુક્તિ એક મોટી તક હશે.

મિત્રો, આ બજેટમાં ઉત્પાદન પર ૩૬૦ ડિગ્રી ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેથી ઉદ્યોગસાહસિકો, MSME, નાના ઉદ્યોગસાહસિકો મજબૂત બને અને નવી નોકરીઓનું સર્જન થાય. રાષ્ટ્રીય ઉત્પાદન મિશનથી લઈને ક્લીનટેક, ચામડું, ફૂટવેર, રમકડાં ઉદ્યોગ જેવાં વિવિધ ક્ષેત્રોને ખાસ ટેકો આપવામાં આવ્યો છે. ધ્યેય સ્પષ્ટ છે કે ભારતીય ઉત્પાદનો વૈશ્વિક બજારમાં ચમકી શકે.

મિત્રો, બજેટમાં રાજ્યોમાં રોકાણ માટે જીવંત સ્પર્ધાત્મક વાતાવરણ બનાવવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. MSME અને સ્ટાર્ટઅપ્સ માટે ક્રેડિટ ગેરંટી બમણી કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે. દેશના SC, ST અને મહિલા ઉદ્યોગસાહસિકો, જેઓ નવા ઉદ્યોગસાહસિક બનવા માંગે છે, તેમના માટે ૨ કરોડ રૂપિયા સુધીની લોન માટેની યોજના પણ લાવવામાં આવી છે, અને તે પણ ગેરંટી વિના. આ બજેટમાં, નવા યુગની અર્થવ્યવસ્થાને ધ્યાનમાં રાખીને gig workers માટે એક મોટી જાહેરાત કરવામાં આવી છે. પહેલી વાર, gig workersને ઈ-શ્રમ પોર્ટલ પર રજીસ્ટર કરવામાં આવશે. આ પછી, આ લોકોને આરોગ્યસંભાળ અને અન્ય સામાજિક સુરક્ષા યોજનાઓનો લાભ મળશે. શ્રમનું આ ગૌરવ સરકારની તેમના પ્રત્યેની પ્રતિબદ્ધતા, 'શ્રમેવ જયતે'ને પ્રતિબિંબિત કરે છે. નિયમનકારી સુધારાઓથી લઈને નાણાકીય સુધારાઓ સુધી, જનવિશ્વાસ ૨.૦ જેવા પગલાં લઘુતમ સરકાર અને વિશ્વાસ આધારિત શાસન પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવશે.

મિત્રો, આ બજેટ દેશની વર્તમાન જરૂરિયાતોને ધ્યાનમાં લે છે એટલું જ નહીં, પરંતુ ભવિષ્ય માટે તૈયારી કરવામાં પણ મદદ કરે છે. સ્ટાર્ટઅપ્સ માટે ડીપ ટેક ફંડ, જીઓસ્પેશિયલ મિશન અને ન્યુક્લિયર એનર્જી મિશન આવા મહત્વપૂર્ણ પગલાં છે. હું ફરી એકવાર આ ઐતિહાસિક જન બજેટ માટે તમામ દેશવાસીઓને અભિનંદન આપું છું અને ફરી એકવાર નાણામંત્રીને અભિનંદન આપું છું.

## નાણાકીય સશક્તીકરણને પ્રોત્સાહન

### પરિવર્તનકારી યોજનાઓ નાણાકીય સર્વસમાવેશકતા, વીમા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપે છે

સરકારની ચાવીરૂપ પહેલોએ નાણાકીય સર્વસમાવેશકતા અને ઉદ્યોગ સાહસિકતામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, જેનાથી સમગ્ર ભારતમાં લાખો લોકોને લાભ થયો છે. પ્રધાનમંત્રી જન ધન યોજના (પીએમજેડીવાય)એ ૫૪.૫૮ કરોડથી વધુ ખાતાં ખોલ્યાં છે, જેમાં જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં થાપણો વધીને ₹૨.૪૬ લાખ કરોડ થઈ ગઈ છે. અટલ પેન્શન યોજના (એપીવાય)માં નોંધણીમાં ઉછાળો જોવા મળ્યો છે, જે જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ૭.૩૩ કરોડ સુધી પહોંચી ગયો છે, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૮૯.૯૫ લાખથી વધુ નવા નોંધણી સાથે. પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (પીએમજેજેબીવાય)એ ૨૨.૫૨ કરોડ વ્યક્તિઓની નોંધણી કરી છે, જેમાં ૮.૮ લાખ દાવાઓ માટે ₹૧૭,૬૦૦ કરોડ વહેંચવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (પીએમએસબીવાય)એ ૪૯.૧૨ કરોડ લોકોને આવરી લીધા છે, જેણે અકસ્માતના દાવા સામે ₹૨,૯૯૪.૭૫ કરોડ પર પ્રક્રિયા કરી છે. સ્ટેન્ડ-અપ ઈન્ડિયા સ્કીમમાં એસસી/એસટી અને મહિલાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને ૨.૩૬ લાખ ઉદ્યોગ સાહસિકો માટે ₹૫૩,૬૦૯ કરોડની લોન મંજૂર કરવામાં આવી છે. છેવટે, પ્રધાનમંત્રી મુદ્રા યોજના (પીએમએમવાય)એ ૫૧.૪૧ કરોડ લોન માટે ₹૩૨.૩૬ લાખ કરોડ મંજૂર કર્યા છે, જેમાંથી ૬૮% લોનનો લાભ મહિલાઓને અને ૫૦% એસસી/એસટી/ઓબીસી કેટેગરીમાં જાય છે. આ પહેલ નાણાકીય સશક્તીકરણ અને સમાવિષ્ટ વિકાસને પ્રોત્સાહન આપવામાં સહાયક છે.




# કેટલાક લોકો ખુલ્લેઆમ શહેરી નક્સલીઓની ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે તે દુર્ભાગ્યપૂર્ણ છે – પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે સરકાર દ્વારા અત્યાર સુધીમાં ગરીબોને ચાર કરોડ ઘરોનું વિતરણ કરવામાં આવ્યું છે. મહિલાઓને ખુલ્લામાં શૌચ કરવા માટે થતી મુશ્કેલીઓ પર પ્રકાશ પાડતાં. તેમણે ઉમેર્યું કે સરકારે મહિલાઓની મુશ્કેલીઓ દૂર કરવા માટે 12 કરોડથી વધુ શૌચાલયો બનાવ્યાં છે. સરકાર હર ઘર જલ યોજના દ્વારા દરેક ઘરના નળમાં પાણી સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે તેના પર ભાર મૂકતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે સ્વતંત્રતાના 75 વર્ષ પછી પણ, લગભગ 75% અથવા 16 કરોડથી વધુ ઘરોમાં નળ-પાણીના જોડાણનો અભાવ હતો. તેમણે ઉમેર્યું કે સરકારે છેલ્લા 5 વર્ષમાં 12 કરોડ પરિવારોને નળ-પાણીના જોડાણની ખાતરી આપી છે અને કાર્ય ઝડપથી આગળ વધી રહ્યું છે. રાષ્ટ્રપતિના સંબોધનમાં ગરીબો માટે કરવામાં આવેલા કાર્યની વિગતો પર ભાર મૂકતાં શ્રી મોદીએ કહ્યું કે સમસ્યા ઓળખવી પૂરતી નથી પરંતુ તેનો ઉકેલ શોધવા માટે અત્યંત નિષ્ઠાપૂર્વક કામ કરવું જરૂરી છે. તેમણે ઉમેર્યું કે, તેમની સરકારે છેલ્લાં 10 વર્ષોના તેમના કાર્ય તેમજ રાષ્ટ્રપતિના સંબોધનમાં જોયું તેમ, સમસ્યાઓના ઉકેલ માટે નિષ્ઠાપૂર્વક કામ કર્યું છે.

પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે સરકારનું "બચત ભી, વિકાસ ભી" મોડેલ, જેનો અર્થ બચત સાથે પ્રગતિ થાય છે, જેથી લોકોના પૈસા લોકોના કલ્યાણ માટે ઉપયોગમાં લેવાય. તેમણે ઉમેર્યું કે જનધન-આધાર-મોબાઇલ (JAM) ટ્રિનિટી સાથે, સરકારે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) શરૂ કર્યું અને લોકોના બેંક ખાતામાં લગભગ ₹40 લાખ કરોડ જમા કરાવ્યા. સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ લગભગ 10 કરોડ ભૂતિયા લાભાર્થીઓને મળી રહ્યો છે તે વાત પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે છેલ્લાં 10 વર્ષ દરમિયાન, સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવા માટે ભૂતિયા લાભાર્થીઓને દૂર કરવામાં આવ્યા હતા અને વિવિધ યોજનાઓ દ્વારા વાસ્તવિક લાભાર્થીઓને ઉમેરવામાં આવ્યા હતા. તેમણે ઉમેર્યું કે આનાથી ખોટા હાથ સુધી પહોંચતાં લગભગ ₹3 લાખ કરોડ બચાવ્યા છે. શ્રી મોદીએ ભાર મૂક્યો કે સરકારે જાહેર ખરીદીમાં ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કર્યો છે, જેનાથી GeM (ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ) પોર્ટલ દ્વારા પારદર્શિતા આવી છે, જેનો ઉપયોગ હવે રાજ્ય સરકારો દ્વારા પણ થઈ રહ્યો છે. પરંપરાગત ખરીદી પદ્ધતિઓની તુલનામાં GeM પોર્ટલ દ્વારા કરવામાં આવેલી ખરીદી વધુ ખર્ચ-અસરકારક રહી છે, જેના પરિણામે સરકારને ₹1,15,000 કરોડની બચત થઈ છે.

પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી કે જ્યારે તેઓ બચત વિશે વાત કરે છે, ત્યારે



અખબારો લાખો અને કરોડોના કૌભાંડોની હેડલાઇન્સથી ભરેલા રહેતા હતા. તેમણે નોંધ્યું કે આવાં કૌભાંડો થયાંને દસ વર્ષ થઈ ગયાં છે, અને ભાર મૂક્યો કે આ કૌભાંડોની ગેરહાજરીએ દેશને લાખો કરોડ રૂપિયા બચાવ્યા છે. આ બચત જનતાની સેવા કરવા માટે નિર્દેશિત કરવામાં આવી છે.

"ટ્રસ્ટીશીપના સિદ્ધાંત દ્વારા ભાર મૂકવામાં આવ્યો છે તેમ, સરકારી તિજોરીમાં બચત કરવી જરૂરી છે. જોકે, સામાન્ય નાગરિકોને પણ આવી બચતનો લાભ મળે તે પણ એટલું જ મહત્વપૂર્ણ છે", એમ પ્રધાનમંત્રીએ જણાવ્યું. તેમણે ભાર મૂક્યો કે યોજનાઓ જાહેર બચત સુનિશ્ચિત કરવા માટે ડિઝાઇન થવી જોઈએ. આયુષ્માન ભારત યોજનાનો ઉલ્લેખ કરતાં તેમણે ઉલ્લેખ કર્યો કે બીમારીઓને કારણે નાગરિકો દ્વારા થતા ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેમણે જણાવ્યું કે આયુષ્માન ભારત યોજનાથી લોકો માટે આશરે ₹1.2 લાખ કરોડની બચત થઈ છે. જન ઔષધિ કેન્દ્રોના મહત્વ પર ભાર મૂકતાં શ્રી મોદીએ નોંધ્યું કે 60-70 વર્ષની વયના વૃદ્ધ સભ્યો ધરાવતા પરિવારો માટે, તબીબી ખર્ચ નોંધપાત્ર હોઈ શકે છે અને જન ઔષધિ કેન્દ્રો, દવાઓ પર 80% ડિસ્કાઉન્ટ પ્રદાન કરીને, પરિવારોને તબીબી ખર્ચ પર લગભગ ₹30,000 કરોડ બચાવવામાં મદદ કરી છે.

આવકવેરાનો ઉલ્લેખ કરતા, પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે છેલ્લાં દસ વર્ષમાં સરકારે આવકવેરાના દરમાં ઘટાડો કર્યો છે, જેના કારણે મધ્યમ વર્ગ માટે બચતમાં વધારો થયો છે. તેમણે ભાર મૂક્યો કે 2013-14માં ફક્ત ₹2 લાખને આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવી હતી જ્યારે આજે ₹12 લાખને સંપૂર્ણપણે આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવી છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું કે 2014, 2017, 2019 અને 2023 દરમિયાન, સરકારે રાહત આપવા પર સતત કામ કર્યું છે અને ₹75,000 ના પ્રમાણભૂત કપાતના ઉમેરા સાથે, પગારદાર વ્યક્તિઓએ 1 એપ્રિલથી ₹12.75 લાખ સુધીની કમાણી પર કોઈ આવકવેરો ચૂકવવો પડશે નહીં.

કેટલાક લોકો ખુલ્લેઆમ શહેરી નક્સલીઓની ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે તે દુર્ભાગ્યપૂર્ણ છે તેવી ચિંતા વ્યક્ત કરતાં શ્રી મોદીએ ભાર મૂક્યો કે જે લોકો આ ભાષા બોલે છે અને ભારતીય રાજ્યને પડકાર ફેંકે છે તેઓ ન તો બંધારણને સમજી શકે છે અને ન તો દેશની એકતાને.

પ્રધાનમંત્રીએ સામાજિક તણાવ પેદા કર્યા વિના એકતા જાળવવાના મહત્વ પર ભાર મૂક્યો અને SC અને ST સમુદાયોના સશક્તીકરણની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે ઉદાહરણ પૂરું પાડ્યું કે 2014 પહેલા દેશમાં 387 મેડિકલ કોલેજો હતી. આજે આ સંખ્યા વધીને 780 થઈ ગઈ છે, જેના પરિણામે ઉપલબ્ધ બેઠકોમાં વધારો થયો છે. તેમણે ધ્યાન દોર્યું કે 2014 પહેલાં, SC વિદ્યાર્થીઓ માટે 7,700 MBBS બેઠકો હતી. દસ વર્ષના કાર્ય પછી, આ સંખ્યા વધીને 17,000 થઈ ગઈ છે, જેના કારણે દલિત સમુદાય માટે સામાજિક તણાવ પેદા કર્યા વિના અને એકબીજાના ગૌરવનો આદર કરીને ડૉક્ટર બનવાની તકોમાં નોંધપાત્ર સુધારો થયો છે. શ્રી મોદીએ ભાર મૂક્યો કે 2014 પહેલાં, ST વિદ્યાર્થીઓ માટે 3,800 MBBS બેઠકો હતી. આજે, આ સંખ્યા વધીને લગભગ 9,000 થઈ ગઈ છે. તેમણે એ પણ નોંધ્યું કે 2014 પહેલાં, OBC વિદ્યાર્થીઓ માટે 14,000 થી ઓછી MBBS બેઠકો હતી. આજે, આ સંખ્યા વધીને આશરે 32,000 થઈ ગઈ છે, જેના કારણે 32,000 OBC વિદ્યાર્થીઓ ડોક્ટર બની શક્યા છે. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે છેલ્લાં દસ વર્ષમાં, દર અઠવાડિયે એક નવી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે, દરરોજ એક નવી ITI ખોલવામાં આવી છે અને દર બે દિવસે એક નવી કોલેજનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. તેમણે SC, ST અને OBC યુવાનો માટે તકોમાં નોંધપાત્ર વધારો થવા પર ભાર મૂક્યો.

આ બજેટમાં કેન્સરની દવાઓને વધુ સસ્તી બનાવવા માટે લેવામાં આવેલાં મહત્વપૂર્ણ પગલાં પર પ્રકાશ પાડતાં, શ્રી મોદીએ ઉલ્લેખ કર્યો કે આ એક મહત્વપૂર્ણ નિર્ણય છે જેનો લાભ કેન્સરના દર્દીઓને મળશે, ખાસ કરીને કેન્સર દિવસ પર તેમણે તમામ માનનીય સાંસદોને તેમના મતવિસ્તારના દર્દીઓ માટે આ લાભનો ઉપયોગ કરવા વિનંતી કરી. તેમણે મર્યાદિત સંખ્યામાં હોસ્પિટલોને કારણે દર્દીઓને સામનો કરવો પડી રહેલા પડકારોનો ઉલ્લેખ કર્યો અને 200 ડે કેર સેન્ટરો સ્થાપિત કરવાના નિર્ણયની જાહેરાત કરી. આ કેન્દ્રો દર્દીઓ અને તેમના પરિવારો બંનેને નોંધપાત્ર રાહત આપશે.





# કેન્દ્રીય અંદાજપત્ર
# ૨૦૨૫-૨૬



## 'શહેરોને ગ્રોથ હબ્સ' તરીકે લાગુ કરવા માટે ૧ લાખ કરોડ અર્બન ચેલેન્જ ફંડ

કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી, શ્રીમતી નિર્મલા સીતારમણે સંસદમાં વર્ષ ૨૦૨૫-૨૦૨૬નું બજેટ રજૂ કરતી વખતે જણાવ્યું હતું કે 'શહેરો એઝ ગ્રોથ હબ', 'શહેરોના સર્જનાત્મક પુનઃવિકાસ' અને 'શહેરોના સર્જનાત્મક પુનઃવિકાસ' માટેની દરખાસ્તોને અમલમાં મૂકવા માટે સરકાર ૧ લાખ કરોડનું અર્બન ચેલેન્જ ફંડ સ્થાપશે. જુલાઈના બજેટમાં પાણી અને સ્વચ્છતાની જાહેરાત કરવામાં આવી હતી.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે આ ફંડ બેંકેબલ પ્રોજેક્ટના ખર્ચના ૨૫ ટકા સુધીનું ધિરાણ કરશે જેમાં એવી શરત હશે કે ખર્ચના ઓછામાં ઓછા ૫૦ ટકા બોન્ડ્સ, બેંક લોન અને પીપીપીમાંથી ભંડોળ પૂરું પાડવામાં આવશે. ૨૦૨૫-૨૬ માટે ૧૦,૦૦૦ કરોડની ફાળવણીની દરખાસ્ત છે.

બજેટમાં એવી દરખાસ્ત કરવામાં આવી છે કે ફાઉન્ડેશનલ જીઓસ્પેશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેટા વિકસાવવા માટે નેશનલ જિયોસ્પેશિયલ મિશન શરૂ કરવામાં આવશે. પીએમ ગતિશક્તિનો ઉપયોગ કરીને, આ મિશન જમીનના રેકોર્ડના આધુનિકીકરણ, શહેરી આયોજન અને માળખાકીય પ્રોજેક્ટ્સની ડિઝાઇનને સરળ બનાવશે.

શ્રીમતી. સીતારમણે કહ્યું કે સરકાર શહેરી ગરીબ અને સંવેદનશીલ જૂથોને મદદ કરવાને પ્રાથમિકતા આપી રહી છે. શહેરી કામદારોના સામાજિક-આર્થિક ઉત્થાન માટેની એક યોજના અમલમાં મૂકવામાં આવશે જેથી તેઓને તેમની આવકમાં સુધારો કરવામાં, ટકાઉ આજીવિકા અને જીવનની ગુણવત્તા સારી બનાવવામાં મદદ મળી શકે.

ઓનલાઈન પ્લેટફોર્મના ગીગ વર્કર્સ નવા જમાનાની સેવાઓ અર્થતંત્રને મહાન ગતિશીલતા પ્રદાન કરે છે. તેમના યોગદાનને ઓળખીને, અમારી સરકાર તેમના ઓળખ કાર્ડ અને ઈ-શ્રમ પોર્ટલ પર નોંધણીની વ્યવસ્થા કરશે. તેમને પીએમ જન આરોગ્ય યોજના હેઠળ આરોગ્યસંભાળ પૂરી પાડવામાં આવશે. આ પગલાથી લગભગ ૧ કરોડ ગીગ-વર્કરોને મદદ મળશે.

પીએમ સ્વનિધિ સ્કીમથી ૬૮ લાખથી વધુ સ્ટ્રીટ વેન્ડર્સને ફાયદો થયો છે અને તેમને ઉચ્ચ વ્યાજની અનૌપચારિક સેક્ટર લોનમાંથી રાહત મળી છે. આ સફળતાના આધારે, આ યોજનાને બેંકો તરફથી ઉન્નત લોન, ૩૦,૦૦૦ની મર્યાદા સાથે UPI લિંક્ડ ક્રેડિટ કાર્ડ્સ અને ક્ષમતા નિર્માણ સપોર્ટ સાથે નવીનીકરણ કરવામાં આવશે.

પોષણક્ષમ અને મધ્યમ આવકવાળા આવાસ માટે વિશેષ વિન્ડો (SWAMIH) હેઠળ સ્ટ્રેસ્ડ હાઉસિંગ પ્રોજેક્ટ્સમાં પચાસ હજાર નિવાસ એકમો પૂર્ણ થયા છે, અને ઘર ખરીદનારાઓને ચાવીઓ સોંપવામાં આવી છે. ૨૦૨૫ માં બીજા ચાલીસ હજાર એકમો પૂર્ણ થશે, જે મધ્યમ-વર્ગના પરિવારોને વધુ મદદ કરશે કે જેઓ એપાર્ટમેન્ટ માટે લીધેલી લોન પર EMI ચૂકવી રહ્યા હતા, જ્યારે તેમના વર્તમાન રહેઠાણોનું ભાડું પણ ચૂકવતા હતા.

આ સફળતાના આધારે, સ્વામિહ ફંડ, સરકાર, બેંકો અને ખાનગી રોકાણકારોના યોગદાન સાથે મિશ્રિત નાણાકીય સુવિધા તરીકે સ્થાપિત કરવામાં આવશે. ૧૫,૦૦૦ કરોડનું આ ભંડોળ બીજા ૧ લાખ એકમોને ઝડપથી પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખશે.



## કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૨૫-૨૬ મુખ્ય મુદ્દાઓ

- મધ્યમ વર્ગના પરિવારોની બચત તેમજ વપરાશને વેગ આપવા માટે, સરેરાશ માસિક આવક ૧ લાખ રૂપિયા સુધીની પર કોઈ આવકવેરો આપવો નહીં પડે.
- નવી કર વ્યવસ્થામાં પગારદાર વર્ગે વાર્ષિક ₹૧૨.૭૫ લાખ સુધી શૂન્ય આવક વેરો ચૂકવવાનો રહેશે.
- કેન્દ્રીય અંદાજપત્રએ વિકાસના ૪ એન્જિનો તરીકે કૃષિ, MSME, રોકાણ અને નિકાસને ઓળખ્યાં છે
- ૧.૭ કરોડ ખેડૂતોને લાભ થશે, 'પ્રધાનમંત્રી ધન-ધાન્ય કૃષિ યોજના' અંતર્ગત ૧૦૦ ઓછી કૃષિ ઉત્પાદકતા ધરાવતા જિલ્લાઓને આવરી લેવામાં આવશે.
- તુવેર, અડદ અને મસૂર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને "કઠોળમાં આત્મનિર્ભરતા માટેનું મિશન" શરૂ કરવામાં આવશે.
- સુધારેલી વ્યાજ સહાય યોજના હેઠળ KCC દ્વારા રૂપિયા ૫ લાખ સુધીની લોન.
- નાણાકીય વર્ષ ૨૦૨૫માં રાજકોષીય ખાધ ૪.૮% રહેવાનો અંદાજ, નાણાકીય વર્ષ ૨૦૨૬માં તેને ઘટાડીને ૪.૪% કરવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું.
- MSMEsને ₹૫ કરોડથી ₹૧૦ કરોડ સુધી ગેરંટી કવર સાથે ક્રેડિટમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો.
- "મેક ઇન ઇન્ડિયા"ને આગળ ધપાવવા માટે નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગોને આવરી લેતું રાષ્ટ્રીય વિનિર્માણ મિશન.
- આવનારા ૫ વર્ષમાં સરકારી શાળાઓમાં ૫૦,૦૦૦ અટલ ટિંકરિંગ પ્રયોગશાળાઓ શરૂ કરવામાં આવશે.
- હસ્તપ્રતોના સર્વેક્ષણ અને સંરક્ષણ માટે જ્ઞાન ભારતમ મિશનમાં એક કરોડથી વધુ હસ્તપ્રતોને આવરી લેવામાં આવશે.
- વીમા માટે FDIની મર્યાદા ૭૪ ટકાથી વધારીને ૧૦૦ ટકા કરવામાં આવી.
- વિવિધ કાયદાઓમાં ૧૦૦ કરતાં વધુ જોગવાઈઓનું નિરપરાધીકરણ કરવા માટે જનવિશ્વાસ બિલ ૨.૦ રજૂ કરવામાં આવશે.
- અપડેટ કરેલું આવક વેરા રિટર્ન ભરવાની મુદત બે વર્ષથી વધારીને ચાર વર્ષ કરવામાં આવી
- TCSની ચુકવણીમાં વિલંબનું નિરાપરાધીકરણ કરવામાં આવ્યું.
- ભાડા પરના TDSની મર્યાદા રૂપિયા ૨.૪ લાખથી વધીને રૂપિયા ૬ લાખ કરવામાં આવી.
- કેન્સર, દુર્લભ અને લાંબાગાળાના રોગોની સારવાર માટે ૩૬ જીવનરક્ષક દવાઓ અને દવાઓ પર BCD મુક્તિ.
- IFPD પર BCD ૨૦% સુધી વધારી અને ઓપન સેલ પર ૫% સુધી ઘટાડી.
- ઘરેલું વિનિર્માણને પ્રોત્સાહન આપવા માટે ઓપન સેલના ભાગો પર BCDમાંથી મુક્તિ આપવામાં આવી.
- બૅટરીનું ઉત્પાદન વધારવા માટે, ઇલેક્ટ્રિક વાહન અને મોબાઇલ બૅટરી વિનિર્માણ માટે વધારાના મૂડી માલ પર મુક્તિ આપવામાં આવી.
- જહાજ નિર્માણ માટે ઉપયોગમાં લેવાતા કાચા માલ અને ઘટકો પર ૧૦ વર્ષ માટે BCD મુક્તિ.
- ફ્રોઝન ફિશ પેસ્ટ પર લાગતો BCD ૩૦% થી ઘટાડીને ૫% અને ફિશ હાઇડ્રોલાઇસેટ પર ૧૫% થી ઘટાડીને ૫% કરવામાં આવ્યો.

## આગામી ૫ વર્ષમાં સરકારી શાળાઓમાં ૫૦,૦૦૦ અટલ ટિંકરિંગ લેબ્સ

સંસદમાં કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬ રજૂ કરતી વખતે, કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી, શ્રીમતી. નિર્મલા સીતારમણે નવીનતાને પોષવા માટે વિવિધ વિકાસનાં પગલાં સૂચવ્યાં.

કેન્દ્રીય નાણામંત્રીએ આગામી ૫ વર્ષમાં સરકારી શાળાઓમાં ૫૦ હજાર અટલ ટિંકરિંગ લેબની સ્થાપના કરવાની જાહેરાત કરી હતી જેથી જિજ્ઞાસા અને નવીનતાની ભાવના કેળવવા અને યુવા મનમાં વૈજ્ઞાનિક સ્વભાવ કેળવાય. કેન્દ્રીય બજેટમાં ભારતનેટ પ્રોજેક્ટ



હેઠળ ગ્રામીણ વિસ્તારોમાં તમામ સરકારી માધ્યમિક શાળાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પ્રદાન કરવાની પણ દરખાસ્ત કરવામાં આવી છે.

ઉચ્ચ શિક્ષણ પર, કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬ જણાવે છે કે ૨૩ IITsમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા છેલ્લા ૧૦ વર્ષમાં ૬૫,૦૦૦ થી વધીને ૧.૩૫ લાખ થઈ છે. ૬,૫૦૦ વધુ વિદ્યાર્થીઓ માટે શિક્ષણની સુવિધા માટે ૨૦૧૪ પછી શરૂ થયેલી ૫ IITમાં વધારાની માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવશે. IIT, પટના ખાતે હોસ્ટેલ અને અન્ય માળખાકીય ક્ષમતાનો પણ વિસ્તરણ કરવામાં આવશે. વિદ્યાર્થીઓને તેમના વિષયોને વધુ સારી રીતે સમજવામાં મદદ કરવાના ઉદ્દેશ્ય સાથે, શ્રીમતી. નિર્મલા સીતારમણે શાળા અને ઉચ્ચ શિક્ષણ માટે ડિજિટલ સ્વરૂપના ભારતીય ભાષાનાં પુસ્તકો પ્રદાન કરવા માટે ભારતીય ભાષા પુસ્તક યોજના અમલમાં મૂકવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

કેન્દ્રીય નાણામંત્રીએ "મેક ફોર ઇન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ" મેન્યુફેક્ચરિંગ માટે યુવાનોને જરૂરી કૌશલ્યોથી સજ્જ કરવા વૈશ્વિક કુશળતા અને ભાગીદારી સાથે કૌશલ્ય માટે પાંચ રાષ્ટ્રીય શ્રેષ્ઠતા કેન્દ્રો સ્થાપવાની પણ જાહેરાત કરી હતી. આ ભાગીદારીમાં અભ્યાસક્રમ ડિઝાઇન, ટ્રેનર્સની તાલીમ, કૌશલ્ય પ્રમાણપત્ર માળખું અને સામયિક સમીક્ષાઓ આવરી લેવામાં આવશે.

કેન્દ્રીય બજેટમાં કુલ રૂ. ૫૦૦ કરોડના ખર્ચ સાથે શિક્ષણ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનું સેન્ટર ઓફ એક્સેલન્સ સ્થાપવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

બજેટ રજૂ કરતી વખતે, શ્રીમતી. નિર્મલા સીતારમણે ખાનગી ક્ષેત્ર સંચાલિત સંશોધન, વિકાસ અને નવીનતાના અમલીકરણ માટે રૂ. ૨૦,૦૦૦ કરોડ ફાળવવાની જાહેરાત કરી હતી. આગામી પાંચ વર્ષમાં, પીએમ રિસર્ચ ફેલોશિપ યોજના હેઠળ, IITs અને IIScમાં ટેક્નોલોજિકલ સંશોધન માટે ૧૦ હજાર ફેલોશિપની જોગવાઈ પણ ઉન્નત નાણાકીય સહાય સાથે બજેટમાં પ્રસ્તાવિત છે.

## ભારતની કૃષિ કરોડરજ્જુને મજબૂતી પ્રદાન કરી

ભારત સરકારે બજેટ ફાળવણીમાં નોંધપાત્ર વધારો કર્યો છે, જે ૨૦૦૮-૦૯માં ₹૧૧,૯૧૫.૨૨ કરોડથી વધીને ૨૦૨૪-૨૫માં ₹૧,૨૨,૫૨૮.૭૭ કરોડ થઈ છે, જે ક્ષેત્ર પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ઉન્નત ઉત્પાદકતા અને લઘુતમ ટેકાના ભાવ (MSP)ના સુધારા સાથે ખેડૂતોની સારી આવક સુનિશ્ચિત કરવા સાથે ખાદ્ય અનાજનું ઉત્પાદન ૨૦૪.૬ મિલિયન ટન (૨૦૦૪-૦૫) થી વધીને અંદાજિત ૩૩૨.૩ મિલિયન ટન (૨૦૨૩-૨૪) થયું છે.

ડાંગર અને ઘઉં માટે MSP ૨૦૦૮-૦૯માં ₹૮૫૦ અને ₹૧,૦૮૦ પ્રતિ ક્વિન્ટલથી વધીને ૨૦૨૩-૨૪માં અનુક્રમે ₹૨,૩૦૦ અને ₹૨,૪૨૫ પ્રતિ ક્વિન્ટલ થઈ ગઈ છે. વધુમાં, ડાંગર અને ઘઉં માટે ખેડૂતોને ચૂકવવામાં આવતી કુલ એમએસપી ૨૦૦૪-૧૩માં ₹૪.૪૦ લાખ કરોડ અને ₹૨.૨૭ લાખ કરોડથી વધીને ૨૦૧૪-૨૪માં અનુક્રમે ₹૧૨.૫૧ લાખ કરોડ અને ₹૫.૪૪ લાખ કરોડ થઈ ગઈ છે.

મુખ્ય ખેડૂત-કેન્દ્રિત પહેલોમાં PM-KISAN (₹૩.૪૬ લાખ કરોડ વિતરિત), PMFBY (₹૧.૬૫ લાખ કરોડ દાવા), અને e-NAMનો સમાવેશ થાય છે, જેણે બજારની સારી પહોંચ માટે ૧,૪૦૦+ મંડીઓને એકીકૃત કરી છે. એગ્રીકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (AIF) એ લણણી પછીના વ્યવસ્થાપનને સુધારવા માટે ૮૭,૫૦૦ થી વધુ પ્રોજેક્ટ માટે ₹૫૨,૭૩૮ કરોડ મંજૂર કર્યા છે.

સરકારના બાજરી પ્રમોશનના પ્રયાસોએ ઉત્પાદનને વેગ આપ્યો છે, જ્યારે સંસ્થાકીય ધિરાણ વિસ્તરણ, કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) વૃદ્ધિ અને કૃષિ સંશોધન અને વિકાસ રોકાણો આ ક્ષેત્રમાં પરિવર્તન કરવાનું ચાલુ રાખે છે. કૃષિ એ ભારતના અર્થતંત્રની કરોડરજ્જુ તરીકે કામ કરે છે, જે ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવામાં, રોજગાર પ્રદાન કરવામાં અને એકંદર આર્થિક વિકાસમાં ફાળો આપવા માટે મુખ્ય ભૂમિકા ભજવે છે. તે વસ્તીના નોંધપાત્ર ભાગની આજીવિકાને ટેકો આપે છે અને ભારતના સામાજિક-આર્થિક માળખા માટે મહત્વપૂર્ણ રહે છે. તેના મહત્વને ઓળખીને, ભારત સરકારે આ ક્ષેત્રને મજબૂત કરવા માટે વિવિધ પહેલો અમલમાં મૂક્યા છે અને બજેટ ફાળવણીમાં નોંધપાત્ર વધારો કર્યો છે.

### ઉન્નત બજેટ ફાળવણી

૨૦૦૮-૦૯માં કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ માટે બજેટ અંદાજ ₹૧૧,૯૧૫.૨૨ કરોડ હતો. કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ માટેનું બજેટ ૨૦૧૩-૧૪માં વધીને ₹૨૧,૯૩૩.૫૦ કરોડ



## પ્રધાનમંત્રીશ્રી મોદીજીના નેતૃત્વમાં સમગ્ર દેશની સાથે-સાથે ગુજરાતનું રેલવે નેટવર્ક પણ વિકાસ અને વિસ્તરણના સુવર્ણકાળનું સાક્ષી બની રહ્યું – કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ



ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે ગુજરાતને રૂ.૧૭,૧૫૫ કરોડના રેલ્વે બજેટની ફાળવણી માટે હર્ષની લાગણી વ્યક્ત કરી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા યુનિયન ફાઇનાન્સ મિનિસ્ટર શ્રીમતી નિર્મલા સીતારામણજીનો આભાર વ્યક્ત કર્યો હતો.

શ્રી શાહે ગાંધીનગરના સાંસદ તરીકે કેન્દ્રની ભાજપા સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતાં કહ્યું કે ગાંધીનગર મતક્ષેત્રમાં ₹૭૯૯ કરોડના ખર્ચે સ્ટેશન કામ થઈ રહ્યાં છે. રેલ્વે નેટવર્કના આ કાયાકલ્પથી ગુજરાતમાં વેપાર, ઉદ્યોગ, પ્રવાસન અને રોજગારીને વધુ વેગ મળશે. પ્રધાનમંત્રીશ્રી મોદીજીના નેતૃત્વમાં સમગ્ર દેશની સાથે-સાથે ગુજરાતનું રેલ્વે નેટવર્ક પણ વિકાસ અને વિસ્તરણના સુવર્ણકાળનું સાક્ષી બની રહ્યું છે અને વિકસિત ભારતના સંકલ્પ સાથે આ વિકાસયાત્રા વધુ વેગવાન બનવા જઈ રહી છે. કોંગ્રેસના શાસનમાં ૨૦૦૯-૧૪ દરમિયાન ગુજરાતને રેલ્વે માટે માત્ર ₹૫૮૯ કરોડની રકમ આપવામાં આવી હતી, જ્યારે આદરણીય મોદીજીની સરકારે વર્ષ ૨૦૨૫-૨૬માં તેમાં ૨૯ ગણો વધારો કરીને ₹૧૭,૧૫૫ કરોડ કરવાની ઐતિહાસિક જાહેરાત કરી છે. છેલ્લા એક દાયકામાં ગુજરાતમાં રેલ્વે ટ્રેકનું વિદ્યુતીકરણ પણ ૨૨ ગણું વધ્યું છે અને અત્યાર સુધીમાં ગુજરાતમાં ૯૭% રેલ્વે ટ્રેકનું વિદ્યુતીકરણ થઈ ચૂક્યું છે. ગુજરાતમાં છેલ્લાં ૧૦ વર્ષમાં ૨૭૩૯ કિમીના નવા રેલ્વે ટ્રેક બન્યા છે જે ડેનમાર્ક જેવા દેશના કુલ રેલ નેટવર્ક કરતાં પણ વધુ છે.

**શ્રી શાહે ઉમેર્યું હતું કે આગામી દિવસોમાં ₹૬,૩૦૩ કરોડના ખર્ચે રાજ્યનાં ૮૭ સ્ટેશનોને અમૃત સ્ટેશન તરીકે વિકસાવવામાં આવશે. ₹૫,૫૭૨ કરોડના ખર્ચે અમદાવાદ, ગાંધીનગર, સાબરમતી, ઉધના, સોમનાથ, સુરત અને ભુજ મુખ્ય સ્ટેશનોના પુનઃવિકાસનું કામ પણ પ્રગતિમાં છે. તેઓએ કહ્યું કે ૨૦૧૪ થી અત્યાર સુધીમાં ૧૨ જિલ્લાઓને આવરી લેતી અને ૧૫ અજોડ સ્ટોપેજ ધરાવતી ૧૪ વંદે ભારત ટ્રેન કાર્યરત કરાઈ છે. આ ઉપરાંત યાત્રીઓની સુવિધા માટે ૯૭ લિફ્ટ, ૫૦ એસ્કેલેટર અને ૩૩૫ વાઇ ફાઇની સેવાઓ કાર્યાન્વિત કરાઈ છે.**

થયું હતું અને ૨૦૨૪-૨૫માં તે વધીને ₹૧,૨૨,૫૨૮.૭૭ કરોડ થયું હતું, જે કૃષિવિકાસ માટે સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

### ન્યૂનતમ ટેકાના ભાવ (MSP) વૃદ્ધિ

સરકારે તમામ ફરજિયાત ખરીફ, રવિ અને અન્ય વાણિજ્યિક પાકો માટે ૨૦૧૮-૧૯થી ઓછામાં ઓછા ૫૦ ટકાના વળતર સાથે એમએસપીમાં વધારો કર્યો છે.

ડાંગર (સામાન્ય) માટે MSP ૨૦૦૮-૦૯માં ક્વિન્ટલ દીઠ ₹૮૫૦ (વધારાના ₹૫૦ પ્રતિ ક્વિન્ટલના પ્રોત્સાહન સાથે) થી વધીને ૨૦૧૩-૧૪માં ₹૧,૩૧૦ પ્રતિ ક્વિન્ટલ અને ૨૦૨૩-૪૨માં ₹૨,૩૦૦ પ્રતિ ક્વિન્ટલ થઈ ગયો.

ઘઉં માટે એમએસપીમાં પણ સતત વૃદ્ધિ જોવા મળી છે, જે ૨૦૦૮-૦૯માં ₹૧,૦૮૦ પ્રતિ ક્વિન્ટલથી વધીને ૨૦૧૩-૧૪માં ₹૧,૪૦૦ પ્રતિ ક્વિન્ટલ અને ૨૦૨૩-૨૪માં ₹૨,૪૨૫ પ્રતિ ક્વિન્ટલ સુધી પહોંચી છે.



ખેડૂતોને ડાંગર માટે ચૂકવવામાં આવતા MSPમાં પણ ત્રણગણો વધારો જોવા મળ્યો હતો, જે ૨૦૦૪-૧૩માં ₹૪.૪૦ લાખ કરોડથી વધીને ૨૦૧૪-૨૪માં ₹૧૨.૫૧ લાખ કરોડ થયો હતો. ઘઉંની ખરીદી માટે ખેડૂતોને ચૂકવવામાં આવતી MSP પણ ૨૦૦૪-૧૩માં ₹૨.૨૭ લાખ કરોડથી વધીને ૨૦૧૪-૨૪માં ₹૫.૪૪ લાખ કરોડ થઈ હતી, જે સમગ્ર દેશમાં ઘઉંના ખેડૂતો માટે વધુ નાણાકીય સ્થિરતા સુનિશ્ચિત કરે છે.

## PM-KISAN દ્વારા આવક સહાય

૨૦૧૯ માં PM-KISAN ની શરૂઆત ૩ સમાન હપ્તાઓમાં પ્રતિ વર્ષ ₹૬૦૦૦ પ્રદાન કરતી આવક સહાય યોજના. અત્યાર સુધીમાં, ૧૧ કરોડથી વધુ ખેડૂતોને ૧૮ હપ્તાઓ દ્વારા ₹૩.૪૬ લાખ કરોડથી વધુનું વિતરણ કરવામાં આવ્યું છે.

## પ્રધાનમંત્રી કિસાન માનધન યોજના

PMKMY એ કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે, જે ૧૮ થી ૪૦ વર્ષના પ્રવેશ જૂથ માટે ₹૩૦૦૦/- માસિક પેન્શનની જોગવાઈ સાથે સ્વૈચ્છિક અને યોગદાન યોજના છે, જે બાકાત માપદંડોને આધીન છે. યોજનાની શરૂઆતથી, ૨૪.૬૭ લાખથી વધુ નાના અને સીમાંત ખેડૂતો PMKMY યોજનામાં જોડાયા છે.

## પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના (PMFBY)

૨૦૧૬માં ખેડૂતો માટે ઊંચા પ્રીમિયમ દરની સમસ્યાઓ અને કેપિંગને કારણે વીમાની રકમમાં ઘટાડા માટે શરૂ કરવામાં આવી હતી. અમલીકરણનાં પાછલાં ૮ વર્ષોમાં, ૬૩.૧૧ કરોડ ખેડૂત અરજીઓની નોંધણી કરવામાં આવી છે અને ૧૮.૫૨ કરોડ (કામચલાઉ) ખેડૂત અરજદારોએ ₹૧,૬૫,૧૪૯ કરોડથી વધુના દાવા પ્રાપ્ત કર્યા છે. આ સમયગાળા દરમિયાન ખેડૂતો દ્વારા તેમના પ્રીમિયમના હિસ્સા તરીકે લગભગ ₹૩૨,૪૮૨ કરોડ ચૂકવવામાં આવ્યા હતા જેની સામે તેમને ₹૧,૬૫,૧૪૯ કરોડ (કામચલાઉ)થી વધુના દાવા ચૂકવવામાં આવ્યા છે. આમ, ખેડૂતો દ્વારા ચૂકવવામાં આવેલા પ્રીમિયમના પ્રત્યેક ₹૧૦૦ માટે, તેમને દાવા તરીકે લગભગ ₹૫૦૮ પ્રાપ્ત થયા છે.

## કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ

એક લાખ કરોડની એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (એઆઈએફ) યોજના લણણી પછીના મેનેજમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સામુદાયિક ખેતીની અસ્કયામતો માટે પ્રોત્સાહનો અને નાણાકીય સહાય દ્વારા સધ્ધર પ્રોજેક્ટ્સમાં રોકાણ માટે મધ્યમ-લાંબા ગાળાના દેવું ધિરાણ સુવિધાને એકત્ર કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવી હતી. દેશમાં કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો. ૨૭.૧૨.૨૦૨૪ સુધીમાં, AIF હેઠળ ૮૭,૫૪૮ પ્રોજેક્ટ માટે ₹૫૨,૭૩૮ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે, આ કુલ મંજૂર રકમમાંથી ૩૯,૯૫૯ કરોડ યોજનાના લાભો હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આ મંજૂર કરાયેલા પ્રોજેક્ટ્સે કૃષિ ક્ષેત્રમાં ₹૮૬,૭૯૮ કરોડનું રોકાણ એકત્રિત કર્યું છે.

## બાજરી : ભારતનું સુપરફૂડ

બજેટ ઘોષણા ૨૦૨૩-૨૪ દરમિયાન, ૨૦૨૩-૨૪ થી ૨૦૨૫-૨૬ દરમિયાન કુલ ₹૨૫૦ કરોડના બજેટ ખર્ચ સાથે "ભારતમાં બાજરી માટે વૈશ્વિક R&D હબ" ની જાહેરાત કરવામાં આવી હતી. ભારતને વૈશ્વિક R&D હબ બનાવવા માટે.

છેલ્લા ૧ વર્ષમાં બાજરીના ઉત્પાદનમાં વધારો થયો છે, જે ૨૦૨૨-૨૩માં ૧૭૩.૨૧ લાખ ટનથી વધીને ૨૦૨૩-૨૪ (અંતિમ અંદાજ)માં ૧૭૫.૭૨ લાખ ટન પર પહોંચી ગયો છે. ૨૦૧૯ અને ૨૦૨૪ (અંતિમ અંદાજ) વચ્ચે ઉત્પાદકતા ૧૨૪૮ કિગ્રા/હેક્ટરથી ૧૩૩૭ કિગ્રા/હેક્ટર સુધી ૭ % વધી છે. ICARના સહયોગથી ૨૫ બીજ હબની સ્થાપના કરવામાં આવી છે, જે બાજરીની સુધારેલી જાતોના ઉચ્ચ-ગુણવત્તાવાળા બીજની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે છે. ૨૦૨૩-૨૪ની ખરીફ માર્કેટિંગ સીઝન દરમિયાન ૭.૮ લાખ ટન બાજરીની ખરીદી.

આ પ્રયાસોને કારણે અનાજના ઉત્પાદનમાં નોંધપાત્ર સુધારો થયો છે, ખેડૂતોની આવકમાં વધારો થયો છે, ઉન્નત ધિરાણ સુવિધાઓ અને બહેતર પાક વીમો થયો છે. પરિણામે, કૃષિ ક્ષેત્રે સતત વિકાસ અને વિકાસ થતો રહે છે, કૃષિ ઉત્પાદન અને નિકાસમાં વૈશ્વિક અગ્રણી તરીકે ભારતનું સ્થાન સુરક્ષિત કરે છે.



## નાણાકીય સશક્તિકરણ

### પ્રધાનમંત્રી જન ધન યોજના (PMJDY)

માર્ચ ૨૦૧૫માં ૧૪.૭૨ કરોડથી વધીને ૧૫ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીમાં ૫૪.૫૮ કરોડ થયું.

માર્ચ ૨૦૧૫માં ₹૧૫,૬૭૦ કરોડથી વધીને જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ₹૨,૪૬,૫૯૫ કરોડ થઈ.

૧૫ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીમાં PMJDY ખાતાધારકોને ૩૭.૨૯ કરોડ કાર્ડ જારી કરવામાં આવ્યા છે, જે ડિજિટલ વ્યવહારોમાં વધારો કરે છે.

### અટલ પેન્શન યોજના (APY)

અટલ પેન્શન યોજના માર્ચ ૨૦૧૯ માં ૧.૫૪ કરોડ નોંધણીથી વધીને જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ૭.૩૩ કરોડ થઈ. તેની પુરોગામી, સ્વાવલંબન યોજના, ૨૦૧૦-૧૧ સુધીમાં ૩.૦૧ લાખ નોંધણીઓ હતી. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ પ્રગતિઃ વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૮૯.૯૫ લાખથી વધુ નોંધણી.

### પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY)

નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં ૩.૧ કરોડથી વધીને ૧૫ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીમાં ૨૨.૫૨ કરોડ થઈ. વિતરિત કરાયેલા દાવાઃ કુલ ૯,૧૩,૧૬૫ દાવાઓમાંથી ૮,૮૦,૦૩૭ દાવા સામે ₹૧૭,૬૦૦ કરોડનું વિતરણ કરવામાં આવ્યું.

### પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY)

૧૫ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીમાં ૪૯.૧૨ કરોડ સંચિત નોંધણી. પ્રાપ્ત થયેલા કુલ ૧,૯૮,૪૪૬ દાવાઓમાંથી ૧,૫૦,૮૦૫ દાવા સામે ₹૨,૯૯૪.૭૫ કરોડનું વિતરણ કરવામાં આવ્યું.

### સ્ટેન્ડ-અપ ઈન્ડિયા યોજના

મંજૂર કરાયેલ લોનની રકમ માર્ચ ૨૦૧૮માં ₹૩,૬૮૩ કરોડથી વધીને જુલાઈ ૨૦૨૪ સુધીમાં ₹૫૩,૬૦૯ કરોડ થઈ. જુલાઈ ૨૦૨૪ સુધીમાં SC/ST અને મહિલા સાહસિકોને ૨.૩૬ લાખ લોન આપવામાં આવી.

### પ્રધાનમંત્રી મુદ્રા યોજના (PMMY)

૫૧.૪૧ કરોડ લોન માટે ₹૩૨.૩૬ લાખ કરોડ મંજૂર (જાન્યુ ૨૦૨૫ મુજબ) મહિલાઓને ૬૮% લોન અને SC/ST/OBC શ્રેણીઓને ૫૦%

## સંરક્ષણમાં આત્મનિર્ભર ભારત

ભારતના સંરક્ષણ ક્ષેત્રમાં ૨૦૧૪થી નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે, જે મોટાભાગે આયાત-આશ્રિત લશ્કરી દળમાંથી વિકસિત થઈને આત્મનિર્ભરતા અને સ્વદેશી ઉત્પાદન પર વધુ ને વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. વૈશ્વિક સ્તરે સૌથી મજબૂત સૈન્યશક્તિઓમાંની એક તરીકે, ભારત પ્રાદેશિક સુરક્ષા સુનિશ્ચિત કરવામાં અને વ્યૂહાત્મક લક્ષ્યોને પરિપૂર્ણ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. દેશનું સંરક્ષણ બજેટ, જે ૨૦૧૩-૧૪માં ₹૨,૫૩,૩૪૬ કરોડ હતું, તેમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, જે ૨૦૨૪-૨૫માં ₹૬,૨૧,૯૪૦.૮૫ કરોડ સુધી પહોંચ્યો છે, જે રાષ્ટ્રની સંરક્ષણ ક્ષમતાઓને મજબૂત બનાવવાની સ્પષ્ટ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ પરિવર્તનનું કેન્દ્ર ભારતના સંરક્ષણ ઉત્પાદન ઉદ્યોગનો વિકાસ છે, જે અર્થતંત્રનો અભિન્ન ભાગ બની ગયો છે. “મેક ઇન ઇન્ડિયા” પહેલ અને નીતિ સુધારા દ્વારા, સરકારે સ્થાનિક ઉત્પાદનને સક્રિયપણે પ્રોત્સાહન આપ્યું છે અને વિદેશી પ્રાપ્તિ પરની નિર્ભરતા ઓછી કરી છે. સંરક્ષણમાં આત્મનિર્ભરતા હાંસલ કરવાના ભારતના વ્યાપક દ્રષ્ટિકોણનો આ મુખ્ય ઘટક છે, રાષ્ટ્રને અદ્યતન લશ્કરી તકનીકો અને સાધનોના ઉત્પાદન માટે ઊભરતા કેન્દ્ર તરીકે સ્થાન આપે છે.

### સંરક્ષણ ઉત્પાદન

વિક્રમી સંરક્ષણ ઉત્પાદનઃ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં, ભારતનું સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન ₹૧.૨૭ લાખ કરોડે પહોંચ્યું, જે ૨૦૧૪-૧૫માં ₹૪૬,૪૨૯ કરોડથી લગભગ ૧૭૪%ના પ્રભાવશાળી વધારા સાથે રેકોર્ડ ઉચ્ચ સ્તરે છે. ભારત ચાલુ નાણાકીય વર્ષમાં સંરક્ષણ ઉત્પાદનમાં ₹૧.૭૫ લાખ કરોડના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવાના માર્ગ પર છે. ભારતે ૨૦૨૯ સુધીમાં સંરક્ષણ ઉત્પાદનમાં ₹૩ લાખ કરોડ સુધી પહોંચવાનું લક્ષ્ય રાખ્યું છે, અને પોતાની જાતને વૈશ્વિક સંરક્ષણ ઉત્પાદન હબ તરીકે સ્થાપિત કરી.



## સંરક્ષણ નિકાસ

ભારતની સંરક્ષણ નિકાસ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં ₹૧૯૪૧ કરોડથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ₹૨૧,૦૮૩ કરોડ થઈ છે, જે નિકાસ મૂલ્યમાં નોંધપાત્ર વધારો દર્શાવે છે. સંરક્ષણ નિકાસમાં અગાઉના નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની સરખામણીમાં ૩૨.૫% વૃદ્ધિ નોંધવામાં આવી હતી, જે ₹૧૫,૯૨૦ કરોડથી વધીને હતી. સંરક્ષણ નિકાસ ૨૧ ગણી વધી છે, જે ૨૦૦૪-૧૪ના દાયકામાં ₹૪,૩૧૨ કરોડથી વધીને ૨૦૧૪-૨૪ના દાયકામાં ₹૮૮,૩૧૯ કરોડ થઈ છે, જે વૈશ્વિક સંરક્ષણ ક્ષેત્રમાં ભારતની વિસ્તરી રહેલી ભૂમિકાને દર્શાવે છે.

વૈશ્વિક પહોંચનું વિસ્તરણ : સરકારી નીતિ સુધારાઓ, વ્યવસાય કરવાની સરળતા અને આત્મનિર્ભરતા માટેના દબાણથી પ્રેરિત, ભારત હવે ૧૦૦ થી વધુ દેશોમાં નિકાસ કરે છે. ૨૦૨૩-૨૪માં ભારતના સંરક્ષણ નિકાસ માટે ટોચના ત્રણ સ્થળો યુએસએ, ફ્રાન્સ અને આર્મેનિયા હતા. ૨૦૨૯ માટેનું લક્ષ્ય સંરક્ષણ નિકાસને ₹૫૦,૦૦૦ કરોડ સુધી વધારવાનું છે, જે ભારતની વિશ્વસનીય વૈશ્વિક સંરક્ષણ ભાગીદાર બનવાની મહત્વાકાંક્ષાને રેખાંકિત કરે છે. ભારતના નિકાસ પોર્ટફોલિયોમાં બુલેટપ્રૂફ જેકેટ્સ, ડોર્નિયર (Do-૨૨૮) એરક્રાફ્ટ, ચેતક હેલિકોપ્ટર, ફાસ્ટ ઇન્ટરસેપ્ટર બોટ અને હળવા વજનના ટોર્પિડો જેવાં અદ્યતન સાધનોનો સમાવેશ થાય છે.

વૈશ્વિક સંરક્ષણ બજારમાં ભારતના ઉચ્ચ ઉત્પાદન ધોરણોને પ્રકાશિત કરતા રશિયન આર્મીનાં સાધનોમાં 'મેડ ઈન બિહાર' બૂટનો સમાવેશ એ નોંધપાત્ર સીમાચિહ્નરૂપ હતું. આત્મનિર્ભરતા અને સ્થાનિક ઉત્પાદન તરફ મજબૂત નીતિના દબાણને કારણે છેલ્લા એક દાયકામાં ભારતના સંરક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. સંરક્ષણ ઉત્પાદન અને નિકાસમાં નોંધપાત્ર વધારો વૈશ્વિક સંરક્ષણ ઉત્પાદન કેન્દ્ર તરીકે દેશની વધતી ક્ષમતાને રેખાંકિત કરે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં સંરક્ષણ ઉત્પાદન અને નિકાસમાં ₹૧.૨૭ લાખ કરોડના વિક્રમ સાથે ₹૨૧,૦૮૩ કરોડ સુધી પહોંચવા સાથે, ભારતે વૈશ્વિક બજારમાં તેની હાજરીને મજબૂત કરીને આયાત પરની નિર્ભરતા ઘટાડવાની તેની પ્રતિબદ્ધતા દર્શાવી છે.

રાષ્ટ્ર ૨૦૨૯ સુધીમાં સંરક્ષણ ઉત્પાદનમાં ₹૩ લાખ કરોડ અને નિકાસમાં ₹૫૦,૦૦૦ કરોડનું લક્ષ્ય રાખ્યું છે, આ સિદ્ધિઓ વિશ્વભરમાં એક વિશ્વસનીય સંરક્ષણ ભાગીદાર તરીકે ભારતના ઉદ્‌ભવને પ્રકાશિત કરે છે. નવીનતા, વ્યૂહાત્મક ભાગીદારી અને સ્વદેશી ક્ષમતાઓનો લાભ લઈને, ભારત વૈશ્વિક સંરક્ષણ ઉત્પાદન અને સુરક્ષાના ભવિષ્યમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માટે સારી સ્થિતિમાં છે.

દેશનો ધ્યેય ૨૦૨૯ સુધીમાં ₹૩ લાખ કરોડનું સંરક્ષણ ઉત્પાદન અને ₹૫૦,૦૦૦ કરોડની નિકાસ કરવાનો છે. આ સિદ્ધિઓ સમગ્ર વિશ્વમાં એક વિશ્વસનીય સંરક્ષણ ભાગીદાર તરીકે ભારતના ઉદભવને પ્રકાશિત કરે છે. નવીનતા, વ્યૂહાત્મક ભાગીદારી અને સ્વદેશી ક્ષમતાઓનો ઉપયોગ કરીને, ભારત વૈશ્વિક સંરક્ષણ ઉત્પાદન અને સુરક્ષાના ભવિષ્યમાં મુખ્ય ભૂમિકા ભજવવા માટે સારી સ્થિતિમાં છે.

# એક મજબૂત કાર્યબળનું નિર્માણ મજબૂત રોજગાર પાયાનું નિર્માણ

૨૦૧૬-૧૭ અને ૨૦૨૩-૨૪ની વચ્ચે ભારતમાં ૩૬% વૃદ્ધિ અને લગભગ ૧૭૦ મિલિયન નોકરીઓ ઉમેરવા સાથે, નોંધપાત્ર રોજગારવૃદ્ધિ જોવા મળી છે. આ દેશના મજબૂત આર્થિક માર્ગ અને વિવિધ ક્ષેત્રોમાં રોજગાર સર્જનને પ્રતિબિંબિત કરે છે. ઈ-શ્રમ, આત્મનિર્ભર ભારત રોજગાર યોજના અને રાષ્ટ્રીય કારકિર્દી સેવા જેવી યોજનાઓ ગ્રામીણ રોજગારને ટેકો આપતી અને તાલીમ અને કારકિર્દીની તકો પૂરી પાડતી મુખ્ય પ્રેરક રહી છે. આ પહેલો ભારતના કાર્યબળને મજબૂત કરવા અને ટકાઉ રોજગાર સર્જન સુનિશ્ચિત કરવા માટે જરૂરી છે.

## ઈ-શ્રમ

૨૭ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં, ૩૦.૫૮ કરોડથી વધુ અસંગઠિત કામદારો ઈ-શ્રમ પોર્ટલ પર નોંધણી કરાવી ચૂક્યા છે. અત્યાર સુધીમાં, વિવિધ કેન્દ્રીય મંત્રાલયો/વિભાગોની ૧૨ યોજનાઓ ઈ-શ્રમ સાથે સંકલિત/મેપ કરવામાં આવી છે.

## આત્મનિર્ભર ભારત રોજગાર યોજના (ABRY)

૩૧ માર્ચ, ૨૦૨૪ સુધીમાં, કુલ રૂ. ૧.૫૨ લાખ સંસ્થાઓ દ્વારા ૬૦.૪૯ લાખ લાભાર્થીઓને ૧૦,૧૮૮.૫૦ કરોડનું વિતરણ કરવામાં આવ્યું છે.





# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની મોદી 3.0 સરકારનું બજેટ 'સિટિઝન ફર્સ્ટ' સાકાર કરે છે – મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની મોદી 3.0 સરકારના આ વર્ષના બજેટને વિકસિત ભારત @ ૨૦૪૭ના સંકલ્પને પાર પાડવામાં નવી ચેતના જગાવનારું બજેટ ગણાવ્યું હતું. તેમણે દેશની જનતા જનાર્દન ખાસ કરીને મધ્યમવર્ગીય અને ગરીબ પરિવારોની આશા આકાંક્ષા પૂરી પાડનારા આ બજેટને 'સિટિઝન ફર્સ્ટ' બજેટ તરીકે સમગ્ર ગુજરાત વતી આવકાર્યું હતું. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ આધારિત વિકાસને વેગ આપતું આ બજેટ છે. તેમાં એગ્રિકલ્ચર, MSME, ઇન્વેસ્ટમેન્ટ અને એક્સપોર્ટ્સ ચાર એન્જિનને ગતિ માટેના મહત્વપૂર્ણ વિષયો આવરી લેવામાં આવ્યા છે. નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણે કેન્દ્ર સરકારનું સતત આઠમું બજેટ વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં પ્રસ્તુત કર્યું તે માટે તેમણે અભિનંદન પાઠવ્યાં છે. તેમણે આ બજેટમાં મધ્યમ વર્ગ માટે અભૂતપૂર્વ કર લાભની કરવામાં આવેલી જાહેરાતથી મધ્યમવર્ગની બચતમાં વધારો થશે, વ્યવસાયિક વૃદ્ધિને ઉત્તેજન મળશે અને રોકાણ વધારવામાં મદદ મળશે, વધુ રોજગારીનું સર્જન થશે અને સમગ્ર રાષ્ટ્રને ફાયદો થશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે, ઇન્કમટેક્સના નવા સ્લેબને કારણે દેશના મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગોને મોટી રાહત મળશે, આ માટે મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

બજેટમાં અન્નદાતા (ખેડૂતો)ના કલ્યાણને પ્રાથમિકતા આપવામાં આવી છે, જેમાં કૃષિ ઉત્પાદકતામાં સુધારો અને કૃષિ આવક વધારવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. કપાસ ઉત્પાદકતા માટેનું મિશન ખાસ કરીને ગુજરાતના ખેડૂતો માટે ફાયદાકારક થશે. કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) યોજના હેઠળ ક્રેડિટ મર્યાદામાં વધારો થતાં ખેડૂતો, માછીમારો અને પશુપાલકોને ફાયદો થશે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. દેશમાં ઓછી કૃષિ ઉત્પાદકતા ધરાવતા ૧૦૦ જેટલા જિલ્લાઓ માટે "પી.એમ. ધન ધાન્ય યોજના" શરૂ કરવાના વડાપ્રધાનશ્રીના અભિગમને તેમણે આવકાર્યો હતો. આ યોજનાને પરિણામે ૧.૭૦ કરોડ ધરતીપુત્રોને ફાયદો થવા સાથે ગ્રામીણ વિકાસને વેગ મળશે અને માઇગ્રેશન અટકશે તેવો વિશ્વાસ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દર્શાવ્યો હતો.

